# 17. દિવસો જુદાઈના જાય છે

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) સ્વજન સુધી કોણ લઈ જશે?

(A) મિત્રો

(B) દુશ્મનો

(C) ઈશ્વર

(D) ગની

2) કવિને ક્યાં સુધી જવું હતું?

(A) ધરા સુધી

(B) ગગન સુધી

(C) ઉન્નતિ સુધી

(D) એકમેકના મન સુધી

2. એક-એક વાક્યમાં ઉત્તર આપો:

1) ગરીબ સ્ત્રીની ચૂંદડી ક્યાં સુધી સાથે રહે છે?

- ગરીબ સ્ત્રીની ચૂંદડી તેના કફન સુધી સાથે રહે છે.

2) કવિ માટે કેવા દિવસો જતા હતા?

- કવિ માટે જુદાઈના દિવસો જતા હતા.

3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

1) કવિ કઈ અરજ કરે છે?

- કવિ અરજ કરતાં કહે છે કે તમે રાંકના રતન જેવા છો, એટલે એ રાંકના દર્દનાં આંસુ વ્યર્થ ન જાય એ જોવાનું કામ તમારું છે. અમારી આ અરજી તમને માન્ય હોય તો હૃદયથી તેનાં આંસું લૂછવા રાંકનાં નયન સુધી જાઓ.

4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો:

1) 'દિવસો જુદાઈના જાય છે.' – ગઝલમાં ગનીની મન:સ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.

- 'દિવસો જુદાઈના જાય છે' ગઝલના આરંભની પંક્તિ જ કવિ ગની દહીંવાલાની વિયોગની મન:સ્થિતિને વ્યક્ત કરે છે. તેમ છતાં કવિને આશા છે કે અત્યારે ભલે જુદાઈના દિવસો હાય છે, પણ એક દિવસ મિલન જરૂર થશે. જીવનમાં ભલે શત્રુ આવ્યા હોય, પણ એ જ તેનો હાથ પકડીને તેમના સ્વજન સુધી લઈ જશે. કવિને ધરતી સુધી, ગગન સુધી, ઉન્નતિ સુધી કે પતન સુધી ક્યાંય પણ જવું નથી. તેમને તો એકબીજાના મન સુધી પહોંચવું છે. કવિ ઈશ્વરને પ્રાર્થે છે કે તમે રાંકના રતન સમાં છો. એમનાં આંસુ વ્યર્થ ન જાય એ તમારે જોવું રહ્યું. જો આટલી વિનમ્ર અરજી તમને માન્ય હોય, તો તમે હૃદયથી એ રાંકનાં નયનોમાંથી વહેતા આંસુને લૂછવા પહોંચજો. ઈશ્વર તો રાજરાણીનાં વસ્ત્ર જેવા છે. રાજરાણી થોડી વાર માટે વસ્ત્ર પહેરીને તે કોઈ ગરીબને આપી દે છે, પણ રંક સ્ત્રી જેવા અમે એ ચૂંદડીને ઈશ્વરની પ્રસાદી ગણી કફન સુધી સાથે રાખીએ છીએ. હૃદયમાં જો વિયોગની વેદના વધી જાય અને એ વિરહાગ્નિની વેદના પવન સુધી એટલે કે બહાર નીકળે એ પહેલાં જ ઈશ્વરે કૃપા કરી અને અમારા શ્વાસ બંધ થઈ ગયા.

2) પંક્તિઓ સમજાવો...

"ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,
અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી."

- કવિને ધરતી સુધી કે ઊંચે ગગન સુધી જવામાં રસ નથી. તેમની ઉન્નતિ થાય કે પતન થાય તેની પણ તેમને પરવા નથી. કવિ કહે છે કે અહીં આપણે તો એકબીજાના મન સુધી જવું હતું, એકબીજાનાં દિલમાં વસવું હતું.